પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૪ | ૫ ફેબ્રુઆરી, ૨૦૨૧, શુક્રવાર; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

વિશ્વમાં સૌથી ઝડપી વેક્સિનેશન ભારતમાં

ભારતે વિશ્વમાં સૌથી ઝડપી ૪૦ લાખ લોકોને રસી આપી : ૧૮ દિવસમાં દેશમાં ૪૫ ટકા હેલ્થ વર્કર્સને રસી અપાઈ : બુધવારે ભારતમાં ૨,૪૮,૬૬૨ લોકોને કોરોનાની રસી અપાઈ છે, આ સાથે કુલ આંકડો ૪૩.૯ લાખ પર પહોંચ્યો

નવી દિલ્હી, તા. ૪

માત્ર ૧૮ દિવસની અંદર ભારતમાં ૪૫% જેટલા હેલ્થ વર્કર્સને કોરોનાની રસી આપી દેવામાં આવી છે. ભારતમાં રસીકરણ અભિયાનની શરુઆત પાછલા મહિને ૧૬ જાન્યુઆરીએ થઈ હતી. ભારતે દુનિયામાં અલગ-અલગ દેશોમાં ચાલી રહેલા રસીકરણ અભિયાનમાં સૌથી ઝડપી (૪ મિલિયન) ૪૦,૦૦,૦૦૦ લોકોને ૨ ફેબ્રુઆરી સુધીમાં રસી આપી દેવામાં આવી છે.

બુધવારે ભારતમાં ૨,૪૮,૬૬૨ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે, આ સાથે કુલ આંકડો ૪૩.૯ લાખ પર પહોંચી ગયો છે, ભારતમાં ખાનગી અને સરકારી ક્ષેત્રમાં ૯૨,૬૧,૨૨૭ સ્વાસ્થ્ય કર્મીઓ છે જેમાંથી ૪૭% કર્મીઓને રસી આપી દેવામાં આવી છે.

ભારતની સરખામણીમાં અમેરિકાને ૪૦ લાખ લોકોને રસી આપતા ૨૦ દિવસનો સમય લાગ્યો હતો, જ્યારે યુકે અને ઈઝરાઈલને ૩૯ દિવસ લાગ્યા હતા. ભારતના મહત્વના રાજ્યોની વાત કરીએ તો અહીં મધ્યપ્રદેશમાં સૌથી વધુ ૬૯.૪%

● અનુસંધાન પાન-૭ પર

કોવિડ મૃત્યુઆંકના મામલે ભારત ૨૧મા સ્થાને પહોંચ્યું

૨૪ કલાકમાં કુલ ૧૦૭નાં મોત થયા : દેશના ૧૦ રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશમાં એક દિવસમાં ૧૦થી ઓછા કેસ નોંધાયા, એક્ટિવ કેસ માત્ર દોઢ લાખ

નવી દિલ્હી, તા.૪

ભારત કોરોના સામેની લડત વધુ મજબૂત થઈ રહી છે. એક તરફ કોરોના વેક્સીનેશન અભિયાન ચાલી રહ્યું છે. બીજી તરફ કોવિડના સંક્રમણને મ્હાત આપનારા દર્દીઓની સંખ્યા પણ વધતી જઈ રહી છે. રાહતની વાત એ છે કે કોરોના મૃત્યુઆંકના મામલે ભારત હવે ૨૧મા સ્થાને પહોંચી ગયું છે. છેલ્લા ચોવીસ કલાકમાં ૧૪ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૦થી ઓછા કેસ નોંધાયા છે. આ ઉપરાંત ૫ રાજ્યમાં એક દિવસમાં એક પણ વ્યક્તિનું મોત નથી થયું.

ભારતમાં કોરોના વેક્સીનેશન અભિયાનનું પહેલું ચરણ હાલ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૪૪,૪૯,૫૫૨ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૨,૮૯૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૦૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૦૭,૯૦,૧૮૩ થઈ ગઈ છે.

ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૪ લાખ ૮૦ હજાર ૪૫૫ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૭,૮૨૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૫૫,૦૨૫ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૪,૭૦૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

શેરબજારમાં ફુલગુલાબી તેજી

બજેટની શેરબજાર પર તોફાની અસર : ચોથા સેશનમાં સેન્સેક્સમાં ૩૫૯, નિફ્ટીમાં ૧૦૬ પોઈન્ટનો ઊછાળો :સેન્સેક્સ-નિફ્ટી તેની સર્વોચ્ચ વિક્રમી સપાટી પર પહોંચ્યા, આઇટીસીમાં સૌથી વધુ ૬.૧૧ ટકાનો વધારો, સમીક્ષા બેઠક પૂર્વે શેરોની ખરીદીથી તેજી

મુંબઈ, તા. ૪

ગુરુવારે શેરબજારોમાં તેજી સતત ચોથા ટ્રેડિંગ સેશનમાં પણ ચાલુ રહી હતી અને સેન્સેક્સ ૩૫૯ પોઈન્ટ વધીને તેની સર્વકાલિન ઉચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. ત્રિમાસિક પરિણામોને પ્રોત્સાહિત કરતા એફએમસીજી અને બેંકિંગ શેરના વધારાથી બજારની ભાવના મજબુત થઈ હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે માર્કેટના સહભાગીઓએ એશિયન બજારોમાં નબળા વલણને અવગણ્યું હતું અને શુક્રવારે રિઝર્વ બેંકની નાણાકીય સમીક્ષા બેઠકના પરિણામ પહેલાં ખરીદી કરી હતી. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ દિવસના કારોબાર દરમિયાન ૫૦,૬૮૭.૫૧ પોઈન્ટની સર્વકાલિન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગયો છે. સેન્સેક્સ પાછળથી ૩૫૮.૫૪ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા વધીને ૫૦,૬૧૪.૨૯ પોઈન્ટના નવા રેકોર્ડ સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૦૫.૭૧ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા વધીને ૧૪,૮૯૫.૬૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો છે. આ તેનો નવો રેકોર્ડ છે. દિવસની શરૂઆતમાં નિફ્ટી ટ્રેડિંગ દરમિયાન ૧૪,૯૧૩.૭૦ ની ઓલ-ટાઇમ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

ખેડૂતોને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવાનો અધિકાર : અમેરિકા

અમેરિકાએ ખાનગી સેક્ટરના રોકાણનું પણ સમર્થન કર્યું

વોશિંગ્ટન, તા.૪

ભારતમાં ખેડૂતોના પ્રદર્શન પર અમેરિકાના વિદેશ મંત્રાલયે પોતાની પ્રતિક્રિયા આપી છે. અમેરિકાએ કહ્યું કે શાંતિપૂર્ણ પ્રદર્શન કોઈ પણ લોકતંત્ર માટે જીવંતતાનું એક પ્રમાણ હોય છે અને ભારતની સુપ્રીમ કોર્ટે પણ તેને સ્વીકાર્યું છે. અમેરિકાએ કહ્યું કે અમે મતભેદોને ઉકેલવા માટે વિભિન્ન પક્ષોમાં વાતચીતનું સમર્થન કરીએ છીએ. આ સાથે જ અમેરિકાએ કહ્યું કે ભારતીય બજારોમાં કાર્યકુશળતાને સુધારવા માટે તથા પ્રાઈવેટ સેક્ટરના રોકાણનું સ્વાગત કરીએ છીએ.

અમેરિકા એ કહ્યું કે સામાન્ય રીતે અમેરિકા ભારતીય બજારોની કાર્યકુશળતાને સુધારવા તથા મોટા પાયે ખાનગી સેક્ટરના રોકાણને આકર્ષિત કરવા માટે ઉઠાવવામાં આવેલા પગલાંનું સ્વાગત કરે છે.

અમે માનીએ છીએ કે લોકો સુધી ઈન્ટરનેટ સહિત સૂચનાઓની નિર્વિઘ્ન પહોંચ અભિવ્યક્તિની આઝાદી માટે મૂળ અધિકાર છે. આ એક સફળ લોકતંત્ર માટે જરૂરી પ્રમાણ છે.

અત્રે જણાવવાનું કે અમેરિકાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે ભારતમાં નવા કૃષિ કાયદા અંગે ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે. હાલમાં જ ખેડૂતોના પ્રદર્શન દરમિયાન ગણતંત્ર દિવસે રાજધાની દિલ્હીમાં ખુબ હિંસા થઈ હતી. ખેડૂતોના પ્રદર્શનના સમર્થનમાં ઈન્ટરનેશનલ પોપ સ્ટાર રિહાના, ગ્રેટા થનબર્ગની એન્ટ્રીથી હડકંપ મચ્યો જો કે ભારતની અનેક વિખ્યાત હસ્તીઓએ જડબાતોડ જવાબથી મોઢા પણ બંધ કરી દીધા.

ટ્વિટરને ભારત સરકારની ચેતવણી

અફવા ફેલાવતા ટ્વિટ નહીં રોકવામાં આવે તો થશે કડક કાર્યવાહી

ન્યુ દિલ્હી,તા.૪

અત્યારે ચારેતરફ ખેડૂત આંદોલન ચર્ચાનો વિષય છે. ૨ મહિનાથી પણ વધારે સમયથી ખેડૂતોએ સરકાર સામે બાંયો ચઢાવી છે. ખેડૂતોના નરસંહારવાળા ટ્વિટર હેશટેગ પર કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. સરકારે આ મુદ્દે ટ્વિટરને નોટિસ પણ મોકલી છે. નોટિસમાં સરકારે જણાવ્યું છે કે, ટ્વિટરે સરકારની વાત ન માની તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. હકીકતમાં ત્રણ કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. ખાસ કરીને દેશની રાજધાની દિલ્હીની સરહદો પર મોટી સંખ્યામાં ખેડૂતો એકત્રિત થયા છે. ૨૬ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. બીજી તરફ દિલ્હીની સરહદો પર સુરક્ષા પણ કડક કરી દેવામાં આવી છે. ટ્વિટર પર પણ ખેડૂત આંદોલનને લઈને લોકો પોતાના મંતવ્યો વ્યક્ત કરતા રહે છે. આ જ મુદ્દે, ટ્વિટર પર તાજેતરમાં ખેડૂતોના નરસંહાર વાળા હેશટેગ સાથે લોકો ટ્વીટ કરી રહ્યા છે. સરકારે ટ્વિટરને આ પ્રકારના એકાઉન્ટ્સ પર કાર્યવાહી કરવાના સૂચનો કર્યા છે, જેમણે આ હેશટેગ સાથે ટ્વીટ કર્યું હોય. જો કે બાદમાં ટ્વિટરે પોતે જ આ એકાઉન્ટ્સ ફરી શરૂ કરી દીધા હતા. તેને જોતા કેન્દ્ર સરકાર તરફથી ટ્વિટરને નોટિસ આપવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે ટ્વીટરે સરકારના નિર્દેશો માનવા જ પડશે નહીં તો તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. સરકારે એક નોટિસમાં સુપ્રીમ કોર્ટના એક ચુકાદાનો હવાલો આપતા કહ્યું છે કે, ટ્વિટર અદાલતની જેમ ચુકાદો ન આપી શકે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રકારના હેશટેગની સાથે ટ્વિટર પર કન્ટેન્ટ પોસ્ટ કરવામાં આવ્યું જે તથ્યાત્મક રીતે ખોટું હતુ અને તેનો ઉદ્દેશ નફરત પેદા કરવાનો હતો.

સિંધિયાએ કોંગીને ઘેરતા સિંહના ઉત્તરથી સંસદમાં હાસ્યનું મોજું

ખેડૂતો મુદ્દે કોંગ્રેસ-ભાજપ નેતાની જુગલબંધી : રાજ્યસભામાં રાષ્ટ્રપતિના ધન્યવાદ પ્રસ્તાવ, ખેડૂતોના મુદ્દે ચર્ચા, સિંધિયા બાદ દિગ્વિજયનું નામ આવતાં સદનમાં હાસ્ય

નવી દિલ્હી, તા. ૪

રાજયસભામાં ગુરુવારે વિવિધ વિપક્ષ પાર્ટીએ ત્રણ નવા કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂતોના ચાલી રહેલા આંદોલન મુદ્દે મોદી સરકાર પર પ્રહાર કરતા વર્તમાન આંદોલનને ઉકેલવાની સરકારની પ્રક્રિયા સામે સવાલ ઉઠાવ્યા હતા. રાજયસભામાં કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહ અને ભાજપના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયામાં આ ચર્ચા વખતે ગજબની જુગલબંદી જોવા મળી. જ્યોતિરાદિત્ય સિંધિયાએ મોદી સરકારનો પક્ષ રજૂ કરતા કોંગ્રેસને ઘેરી હતી, જ્યારે દિગ્વિજય સિંહનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેમની વાત સાંભળી ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. રાજયસભામાં આજે રાષ્ટ્રપતિના ધન્યવાદ પ્રસ્તાવ અને ખેડૂતોના મુદ્દે ચર્ચા ચાલી રહી છે. ભાજપ સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયા પછી જ્યારે કોંગ્રેસ સાંસદ દિગ્વિજય સિંહનું નામ આવ્યું તો તે હસવા લાગ્યા. ત્યારે સભાપતિએ કહ્યું આમા મેં કોઈ ફેરફાર કર્યો નથી. જે લિસ્ટમાં હતું મેં તે મુજબ જ નામ લીધું. આ વાત પર દિગ્વિજય સિંહ હસી પડ્યા હતા.

દિગ્વિજયે સિંધિયાને પોતાનો પક્ષ સારી રીતે રજૂ કરવા બદલ ધન્યવાદ આપ્યા હતા. તેમણે કહ્યું કે સિંધિયા જે રીતે યુપીએ સરકારનો પક્ષ રજૂ કરતા હતા, તે જ રીતે આજે આ સરકારનો પક્ષ રજૂ કર્યો છે. વાહ જી મહારાજ વાહ. અમારા આશીર્વાદ તમારી સાથે છે અને રહેશે. સિંધિયાએ કોરોના કાળમાં મોદી સરકારે લીધેલા નિર્ણયની પ્રશંસા કરી હતી.

ભાજપ સાંસદ જ્યોતિરાદિત્યએ કહ્યું કે કોરોના એક અદ્રશ્ય શત્રુ હતો. વિશ્વમાં કરોડો લોકો તેનાથી સંક્રમિત થયા, ૨૦ લાખ લોકોના મોત થયા. ભારત કોરોનાને મ્હાત આપી છે અને પ્રવર્તમાન સમયે સરેરાશ ગ્લોબલ રિકવરી રેટ ૭૦ ટકા છે.

સ્ટેજ ઉપરથી મોદીને કોઈ અપશબ્દો ન કહી શકે : ટિકૈત

છઠ્ઠીએ ત્રણ કલાકના ચક્કાજામની ખેડૂત નેતાની જાહેરાત : નરેન્દ્ર મોદીને ગાળો આપનારાને સ્ટેજ છોડી જવા ચીમકી

નવી દિલ્હી, તા. ૪

પ્રજાસત્તાક દિવસ પર દિલ્હીમાં થયેલી હિંસા બાદ નબળા પડી રહેલા ખેડૂત આંદોલનમાં નવો પ્રાણ ફૂંકનારા રાકેશ ટિકૈતે જાહેરાત કરી છે કે ૬ ફેબ્રુઆરીના દેશભરમાં ૩ કલાક માટે ચક્કાજામ થશે. ગાઝીપુર બૉર્ડર પર કેટલાક લોકોની વડાપ્રધાન મોદી માટે વાંધાજનક ટિપ્પણી પર ટિકૈતે કહ્યું કે, આવા લોકો માટે તેમના સ્ટેજ પર કોઈ જગ્યા નથી. ભારતીય કિસાન યૂનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના સ્ટેજથી કોઈ પણ અપશબ્દો ના કહી શકે.

તેમણે કહ્યું કે, એ ફરિયાદ આવી રહી છે કે લોકો મોદીજીને ગાળો આપી રહ્યા છે, તે અમારા લોકો ના હોઈ શકે. કોઈ પણ વ્યક્તિ જે વડાપ્રધાન માટે અપશબ્દોનો ઉપયોગ કરશે તે અહીંથી સ્ટેજ છોડીને જતો રહે. તે તેનો વ્યક્તિગત નિર્ણય હશે. આ સ્ટેજનો ઉપયોગ નહીં કરવા દેવામાં આવે. તેમણે કહ્યું કે, જો અહીં પણ કોઈ લોકો છે જે આડે-ધડ કંઈ પણ વાતો કરે છે, તો ભાઈ તેમનું અમને જણાવી દો. તેમને છોડવા પડશે. તેમનું વ્યક્તિગત નિવેદન હશે. માહોલને ખરાબ ના કરો. જો આપણને કોઈ વાત બરાબર નથી લાગતી તો બીજાને ગાળ આપવાનો કોઈને પણ અધિકાર નથી. રાકેશ ટિકૈતે ૬ ફેબ્રુઆરીના ચક્કાજામ પર કહ્યું કે, આ એ દિવસે ૩ કલાક સુધી ચાલશે. તેમણે કહ્યું કે, ગાડીઓ દિલ્હી બૉર્ડર પર રોકાશે તેની અમે વ્યવસ્થા કરીશું. ખેડૂતોને દેશદ્રોહી, ખાલિસ્તાની કહેવાના પ્રશ્ન પર તેમણે કહ્યું કે, એ વાત ખત્મ થઈ ગઈપ બીજી વાત કરો. જીંદમાં જ્યારે પણ જરૂર હશે તેઓ આવશે. ચક્કાજામ પર ટિકૈતે કહ્યું કે, ધરણા પર ત્યાંથી લોકો આવશે અને પશ્ચિમ યૂપીથી પણ આવશે. અમે દિલ્હીમાં નથી કરી રહ્યા. ત્યાં તો ખુદ કિલ્લાબંધી કરી દેવામાં આવી છે. પૉપસ્ટાર રિહાનાથી જોડાયેલા પ્રશ્ન પર તેમણે કહ્યું કે, કોણ છે આ વિદેશી કલાકાર, હું શું જાણું.

ટિકૈતને જ્યારે પૂછવામાં આવ્યું કે, વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે તેમની સરકાર ખેડૂતોથી ફક્ત એક ફૉન કૉલ દૂર છે ત્યારે તેમણે કહ્યું કે, નંબર કયો છે? જણાવી દે, અમે વાત કરી લઈશું. તેમણે કહ્યું કે, સરકાર સાથે જે પણ વાત થશે તે ખેડૂત સંગઠનોની કમિટી કરશે.

સીરમ ઈન્સ્ટીટ્યૂટ ૧૦૦ દેશોમાં ૧.૧ બિલિયન વેક્સિનના ડોઝ મોકલશે

નવી દિલ્હી, તા. ૪

સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા અને યુનિસેફે કોરોના વેક્સિન કોવિશિલ્ડ અને નોવાવેક્સના લાંબાગાળાના પુરવઠા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ ૧૦૦ દેશોમાં ૧.૧ બિલિયન વેક્સિન ડોઝ મોકલવામાં આવશે. ઘણા દેશોએ કોરોના વેક્સિનની ખરીદી માટે ભારતનો સંપર્ક કર્યો છે.

ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની કોરોના વેક્સિન કોવિશિલ્ડનું નિર્માણ પુણે સ્થિત સીરમ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને નોવાક્સનું નિર્માણ યુએસ આધારિત નોવાક્સ ઈંક દ્વારા કરવામાં આવી રહ્યું છે. યુનિસેફના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હેનરીટા ફોરે સીરમ ઈન્સ્ટીટ્યૂટ સાથે કરારની જાહેરાત કરી છે.

તેમણે જણાવ્યું કે, અમે પેન અમેરિકન હેલ્થ ઓર્ગેનાઈઝેશન સહિત કેટલાક સંગઠનો સાથે મળીને ૧૦૦ દેશો માટે ૧.૧ બિલિયન વેક્સિન ડોઝનો ઓર્ડર આપ્યો છે. આ વેક્સિન ત્રણ અમેરિકી ડોલરમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આપવામાં આવશે.

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.